

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.3 Issue 3, JUNE 2019 Ahmedabad, (Gujarat)

Page : 32, Rs. 100 Annual



## સ્નાતક શ્રી સત્યવ્રત

અમરેલીમાં જૈન પરિવારમાં જન્મ. પારિવારિક નામ ચત્રભૂજ. નાની વયે હીરાચંદ માસ્તર પાસેથી આર્યસમાજનાં સંસ્કાર મળ્યા. આર્યસમાજ સાંતાક્રૂઝ (મુંબઇ)માં પં. મયાશંકરજીએ દીક્ષા આપી. સત્યવ્રત નામ આપ્યું. સન્ ૧૯૨૬માં ટંકારા દયાનંદ જન્મ શતાબ્દીમાં ભાગ લીધો. સંસ્કૃતમાં ત્રૈતાવાદ ઉપર મહાનિબંધ લખી વેદવિશારદ બન્યા. કાકડવાડી આર્યસમાજના મંત્રી બન્યા. આર્યપ્રકાશ સાપ્તાહિકના માનદ્ સંપાદક તરીકે ત્રણ વખત સેવા આપી. મુંબઇ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભાને તેમની સેવા મળી. ઘાટકોપર ગુરુકુળ શિલ્પી, લેખક, વક્તા, વિચારક, વ્યવસ્થાપક વગેરેમાં તેમની સિદ્ધિના દર્શન થાય છે.

## "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ: (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

| | |
|---|---|
| બેંક ખાતાનું નામ | : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા |
| બેંકનું નામ | : યુનીયન બેંક ઓફ ઇન્ડિયા |
| ખાતા નંબર | : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫ |
| IFSC | : UBIN0531332 |

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email: aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૨૦
વિક્રમ સંવત: ૨૦૭૫
વર્ષ: ૩ (સળંગ વર્ષ ૩૮)
અંક : ૧, જૂન ૨૦૧૯
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઇલનં.: ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઇલનં. ૯૮૭૯૩ ૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઇલનં. ૯૦૩૩૦ ૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧-૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

### જરાયુજ જીવ

पशवश्च मृगाश्चैव व्यालाश्चोभयतोदतः।
रक्षांसि च पिशाचाश्च मनुष्याश्च जरायुजाः ।।

ગ્રામ્ય પશુ-ગાય વગેરે, અહિંસક વૃત્તિવાળા વનપશુ - હરણ વગેરે અને બંને બાજુ દાંતવાળા હિંસક વૃત્તિવાળા પશુ - સિંહ, વાઘ વગેરે તથા રાક્ષસ, પિચાશ તથા મનુષ્ય આ સર્વે જરાયુજ અર્થાત્ ઝિલ્લીથી પેદા થાય છે. એટલે કે ગર્ભના આવરણરૂપ ઓરમાંથી આ પ્રાણીઓ જન્મે છે.

મનુ. ૪૩ (૨૩)

## અનુક્રમણિકા

| | |
|---|---|
| આધ્યાત્મિક ચિંતન | ૪ |
| વૈદિક ઉપદેશ | ૭ |
| જિજ્ઞાસા સમાધાન | ૧૧ |
| અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર | ૧૩ |
| પ્રેરણા પીયૂષ | ૧૬ |
| પિતૃ નડતર એક અજ્ઞાત ભય! | ૧૮ |
| બાળ વિભાગ | ૧૯ |
| **ગુજરાતનું ગતિશીલ આર્ય જગત** | |
| આ. નડિઆદના સૌજન્યથી ગુ. પ્રાં. આ. દળનો વાર્ષિક શિબિર સમ્પન્ન | ૨૩ |
| આ. જૂનાગઢના સૌજન્યથી ગુ. પ્રા. આ. વીરાંગના દળની વાર્ષિક પ્રશિક્ષણ શિબિર | ૨૬ |
| આ. જામનગર દ્વારા મફત છાસ વિતરણ પરબનો પ્રારંભ | ૩૦ |
| શ્રીમદ્ દયાનંદ વિદ્યાલય, જામનગર ધો. ૧૨ નું ઝળહળતુ પરિણામ | ૩૦ |
| આર્યસમાજ ટંકારા દ્વારા મહિલા યોગ શિબિર યોજાઇ | ૩૧ |

આધ્યાત્મિક ચિંતન

# વિચારની આસક્તિ

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુકૃપાથી આપણને આધ્યાત્મિક પ્રગતિ માટે જરૂરી બધા જ સાધનો પ્રાપ્ત થયા છે. શરીર, ઇન્દ્રિયોઓ, મન, બુદ્ધિ આ બધા પ્રભુ દ્વારા એવી રીતે બનાવ્યાં છે કે તેનો સદ્ઉપયોગ કરીને વ્યક્તિ ચોક્કસ આધ્યાત્મિક પ્રગતિ કરી લે છે. આ સર્વ સાધનોનો ઉપયોગ સહુ કોઇ કરે છે, પરંતુ કોઇ થોડો કે કોઇ વધારે, કોઇ દુરુપયોગ કરે છે તો કોઇ સદ્ઉપયોગ. આ પ્રગતિ અથવા અપ્રગતિનું મોટુ કારણ છે.

શરીરને સ્વસ્થ અને બળવાન બનાવવા માટે બુદ્ધિપૂર્વક-વિચારપૂર્વક આહાર સામગ્રી અને ક્રિયા કલાપોની પસંદગી કે ત્યાગ કરવો પડે છે. મનમાં ઇશ્વરની ભાવના-માત્રથી શરીર અધ્યાત્મને યોગ્ય નથી રહી શકતું. ઇન્દ્રિયોને સ્વસ્થ-બળવાન-પવિત્ર રાખવા માટે પણ ખૂબ જ વિચાર કરીને બુદ્ધિપૂર્વક નિર્ણય લેવાનો હોય છે કે ઇન્દ્રિયોને ક્યાં વિષયમાં રોકવી જોઇએ, ક્યારે રોકવી જોઇએ અને કેટલી રોકવી જોઇએ. મનને શાંત-પ્રસન્ન-પવિત્ર-શ્રદ્ધાયુક્ત બનાવવા કે બનાવી રાખવા માટે આનાથી પણ વધુ વિચાર-વિમર્શ, જ્ઞાન અને સાવધાનીની જરૂરિયાત પડે છે.

શરીર, ઇન્દ્રિયો અને મનના સમ્યક્ ઉપયોગને માટે બુદ્ધિનું સમ્યક્ હોવું એ આધારભૂત-મૂળભૂત જરૂરિયાત છે, અપરિહાર્યતા છે. આધ્યાત્મિક પ્રગતિ માટે પ્રભુકૃપાથી આપણને બુદ્ધિ નામનું સાધન મળ્યું છે. આ બુદ્ધિનો સદ્ઉપયોગ કરવો આપણાં પ્રયત્ન-પુરુષાર્થ ઉપર આધાર રાખે છે. પ્રભુકૃપાથી આપણને આજે પણ એ પ્રક્રિયા પ્રાપ્ત છે, કે જેનાથી આપણે આપણી બુદ્ધિને આધ્યાત્મિક પ્રગતિ માટે યોગ્ય બનાવી શકીએ.

બુદ્ધિનું મહાત્મ્ય તેના જ્ઞાન ઉપર અવલંબે છે. જ્ઞાન છે તો બુદ્ધિનો વધારે લાભ મળે છે, વિપરિત જ્ઞાન છે તો આ બુદ્ધિથી ભારે નુકસાન ભોગવવું પડે છે. બુદ્ધિમાં જ્ઞાનની પ્રાપ્તિ પણ આ જ બુદ્ધિના સુયોગ્ય ઉપયોગ ઉપર આધાર રાખે છે. બુદ્ધિનો સુયોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો જોઇએ એ પણ શીખવું પડે છે, જાણવું પડે છે. વૈદિક દર્શન આપણને આ શીખવાડે છે, જણાવે છે.

બુદ્ધિનો અધ્યાત્મમાં સદુપયોગ કરવા માટે ઈશ્વરપ્રદત્ત બુદ્ધિમાં આપણા દ્વારા કરવામાં આવેલા પૂર્વ સંગ્રહિત પ્રત્યેક જ્ઞાન અને વિચારને આપણે કાં તો કાઢી નાખવા જોઇએ અથવા સંશોધિત કરવા જોઇએ - કે જે અધ્યાત્મ માટે બાધક છે. તેના માટે આપણે સ્વયંને સજ્જ રાખવા પડે છે, ઉદ્યત રાખવા પડે છે, સત્ય-અસત્યનો વિવેક કરવો પડે છે. અગાઉના પ્રાપ્ત કરેલ જ્ઞાન તથા વિચારોને પણ વારંવાર સત્યાસત્યની કસોટી ઉપર કસીને જ સ્વીકારેલ હતા. છતાં એ જરૂરી નથી કે એ સમયની કસોટી બરોબર જ હોય. આધ્યાત્મિક વ્યક્તિએ માત્ર પૂર્વ જ્ઞાન કે વિચારોની જ વારંવાર કસોટી કરવાની હોતી નથી, પરંતુ એની કસોટીઓને પણ વારંવાર કસવી પડે છે.

પ્રમાણ જ એ કસોટી છે, જે સત્યાસત્યનો બોધ કરાવે છે. આપણે પ્રમાણનો યોગ્ય ઉપયોગ કરવાનું પણ શીખવું - સમજવું પડે છે. પ્રમાણોનો યોગ્ય ઉપયોગ કર્યા વગર કરેલા નિર્ણય હાનિકારક થઇ જાય છે. સાધક એવું માને છે કે મેં આ નિર્ણય પ્રમાણોના આધારે લીધો છે, પરંતુ આ નિર્ણય અસમ્યક્ પણ હોઇ શકે છે. આથી આપણે સત્યનું ગ્રહણ કરવા અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવાનું જ હોય છે, રહેવું જ જોઇએ. ઈશ્વર આપણી પાસેથી એવી જ અપેક્ષા રાખે છે, તે આપણને આવો જ જોવા માંગે છે. આપણે ઈશ્વરની ઇચ્છાનુસાર જ ચાલવાનું છે.

પ્રભુકૃપાથી અનેક સાધકો સાધના કરતાં કરતાં ધન, સંપતિ, પરિવાર વગેરેથી પોતાની સંલિપ્તતા (રાગ) ધીમે ધીમે હટાવીને સંપૂર્ણ હટાવી દે છે, આ મોટી ઉપલબ્ધિ છે. પોતાના શરીર, ઇન્દ્રિયો અને મન પ્રત્યે રાગ રહે છે તેને પણ વિશેષ સાધના દ્વારા દૂર કરે છે. એનાથી પણ મોટી અને ગંભીર આસક્તિ હજુ એક બાકી રહી જાય છે. બુદ્ધિ-વિચારો-જ્ઞાનની આસક્તિ. પોતાના વિચારો પ્રત્યે, પોતાના જ્ઞાન પ્રત્યે ખૂબ જ સૂક્ષ્મ અને ઊંડો રાગ હોય છે, જેમ સાંસારિક વસ્તુ કે વ્યક્તિના રાગથી તેના નાશ થવાથી દુઃખ થાય છે, આપણે તેને છોડવા નથી ઇચ્છતા, હાનિકારક હોવા છતાં પણ મિથ્યા રાગને કારણે તેને પકડી રાખીએ છીએ, એ જ રીતે પોતાના વિચારો પ્રત્યેનો આપણો રાગ આપણને ઘણું દુઃખ આપે છે અને આધ્યાત્મિક પ્રગતિમાં બાધક બની જાય છે. સાધકે પોતાના અસત્ય વિચારોને છોડવા માટે સર્વદા ઉદ્યત રહેવું જોઇએ. જેવી રીતે સંસારની બાધક વસ્તુઓ-કર્મોનો ત્યાગ કરવો જ હિતકારી હોય છે, એ જ રીતે બાધક વિચારોને છોડવા જ હિતકારી હોય છે, આ જાણવા-સમજતા હોવા છતાં

પણ આપણે આપણાં વિચારોને છોડી નથી શકતા, કારણ કે આપણે એ વિચારોને ઉચિત અને હિતકારી માનતા હોઇએ છીએ. આપણાં તે વિચાર અનુચિત-અસત્ય-હાનિકર્તા હોય તેવું બની શકે છે, આ સંભાવના જાળવી રાખવી સાધકના માટે જરૂરી છે. તેનાથી વિચારો પ્રત્યેનો રાગ ક્ષીણ થઇ જશે.

વિચારો પ્રત્યેનો રાગ ક્ષીણ રાખીને સાધકે હંમેશા તેને પ્રમાણો દ્વારા પરીક્ષા કરતા રહેવું જોઇએ. તેના માટે વેદ અને ઋષિકૃત ગ્રંથોનો સ્વાધ્યાય, ચિંતન-મનન કરતા રહેવું જોઇશે, અન્ય સાધકો અને વિદ્વાનોની સાથે વિચાર - વિમર્શ અને ચર્ચા કરતા રહેવું જોઇએ. આ પ્રક્રિયામાં બંને પક્ષોમાંથી કોઇપણમાં પરિવર્તન સંભવ છે. જે પ્રમાણોની કસોટીમાં યોગ્ય ઠરશે, તે સ્વીકાર્ય થશે.

વિચારનો રાગ સૌથી મોટો રાગ છે, વિચારોની આસક્તિ સૌથી મોટી આસક્તિ છે. પરંતુ પ્રભુની કૃપા છે, આપણે અન્ય ધન વગેરેના રાગો, આસક્તિઓથી મુક્ત થઇ શકીએ છીએ. વિચારોની એવી જ રીતે આસક્તિથી આપણે છૂટવાનું છે. મારા વિચાર પણ અસમ્યક્ હોઇ શકે છે, આ સંભાવના વાસ્તવમાં હૃદયમાં સ્વીકૃત કરી રાખવી જ પડશે. મિથ્યા-અસમ્યક્ વિચાર ભલેને કેટલાય વધારે વર્ષોથી આપણી સાથે રહ્યાં હોય, તે મિથ્યા સિદ્ધ થતા વેત જ હાનિકારક હોવાથી તત્ક્ષણ ત્યાગ કરવાને પાત્ર છે. આ આધ્યાત્મિક પ્રગતિનું મૂળ છે, પ્રભુકૃપા આપણી સાથે છે, આપણે સત્યનું ગ્રહણ કરવા અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઇએ. એક દિવસ આવશે જ્યારે આપણે પૂર્ણ સત્યમાં પ્રતિષ્ઠિત થઇ જઇશું, પ્રભુકૃપાને સંપૂર્ણપણે મેળવી શકીશું.

અનુસંધાન પાના નં. ૧૩ પરનું ચાલુ

**...અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર...**

લખી મોકલ્યું કે આ વ્યક્તિને પંદર દિવસ થયા મિશ્ર જવાની રજા મળી છે છતાં પણ આ વ્યક્તિ હજુ પણ અલઅરીશમાં ફરી રહ્યો છે. ગવર્નર સાહેબે મને પોતાની પાસે બોલાવ્યો અને રોકાવાનું કારણ પૂછ્યું તો મે જવાબ આપ્યો કે મને આખા મિશ્રમાં ફરવાની છૂટ મળેલી છે તો મારી ઇચ્છા છે કે અહીં હું વધુ દિવસો પ્રચાર કરું. અલઅરીશ પણ મિશ્રની જ ભૂમિ છે ને! ગર્વનર સાહેબ મારા જવાબથી સંતુષ્ટ થયા અને મને બે મિશ્રી પાઉન્ડ આપ્યા.

ક્રમશઃ...




# વેદ પ્રવચન

- પંડિત ગંગાપ્રસાદ ઉપાધ્યાય ○ અનુવાદક : નાથુભાઈ ડોડિયા

ईशा वास्यमिद ; सर्वं यत् किञ्च जगत्यां जगत्।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृध: कस्य स्विद्धनम्॥
-યજુર્વેદ ૪૦-૧

ગતાંકનું ચાલુ...

**અન્વય:** जगत्यां यत् किंच जगत् (अस्ति), इदं (तत्) सर्वं ईशा आवास्यं (अस्ति)। तेन त्यक्तेन (सता जगता) भुंजीथा। मा गृध: ! धनं कस्य स्विद् (भवेत्?)

**અર્થ:** (जगत्याम) આ સૃષ્ટિરૂપી પ્રપંચમાં (यत् किंच) જે કંઇ (जगत) ગતિવિધાન છે (इदम् सर्वमद्) આ તમામ (ईशा) પરમાત્માની શક્તિ દ્વારા (आवास्यम्) પૂરિપૂરિત હોવું જોઇએ. (तेन) તે જગત અથવા ગતિવિધાનની મદદથી (भुंजीथा) હે મનુષ્ય! તું સુખનો ઉપભોગ કર. (त्यक्तेन – त्यक्तेन जगता) આવા ગતિવિધાન દ્વારા જેણે તે છોડી દીધા છે અર્થાત્ જેને તું ચિપક્યો (વળગ્યો) નથી. તેને (मा गृध:) ચિપક (વળગ) નહિ! (धनम्) ધન (कस्य स्वित्) કોનું છે? એકનું નથી.

**વ્યાખ્યા:** યંત્રના ભાગો જાણતા નથી કે તેઓ યંત્રના ભાગો છે. યંત્ર પણ એ જાણતું નથી કે મારા ક્યા ક્યા ભાગ છે અને તેનું શું કાર્ય છે. આ જ્ઞાન તો યંત્રના સંચાલકને જ છે, જે દરેક ભાગની વ્યક્તિગત કામગીરીની માહિતી તે રાખે છે અને દરેક ભાગને યંત્રના સંચાલનમાં શું કાર્ય કરવાનું છે તે સારી રીતે સમજે છે. આવી જ રીતે જગતના ગતિવિધાનનો પણ એક સંચાલક છે એ જાણે છે કે સૂર્યનું કાર્ય શું છે અને ચંદ્રનું કાર્ય શું છે. સૂર્ય નથી જાણતો કે ચંદ્ર ક્યાં છે અને ચંદ્ર જાણતો નથી કે સૂર્ય ક્યાં છે. પરંતુ ગતિવિધાનના નિયન્તા સૂર્ય અને ચંદ્ર બંનેની ગતિનો જ્ઞાતા અને સ્વામી છે. આ નિયન્તાને માટે **ઈશ્** કહ્યો છે. 'ईश ऐश्वये' ને 'किवप्' પ્રત્યય લગાડીને 'इट्' (ईष्टि इति) શબ્દ બન્યો. તેનું તૃતીયાન્ત (ત્રીજી વિભક્તિ)માં થયું 'ईशा'. 'ईशा' નો અર્થ થયો નિયન્તા. નિયન્તાના દ્વારા. 'वास्यम्' કે અવાસ્યમ્‌નો અર્થ છે. 'अच्छादनीयम्'. 'वस' ધાતુને 'ण्यत्' (ऋहलोर्ण्यत्। પા. સૂ.૩-૧, ૧૨૪) પ્રત્યય લગાડીને 'वास्य' અને 'आङ्'ઉપસર્ગ લગાડવાથી 'आवास्यम्' શબ્દ બન્યો 'आवास्यम्' નો અર્થ એ થયો કે પ્રત્યેક

ઉપર ચાલે છે. તેની ઉપર ચિપકતો-થોભતો નથી. એટલે કે માર્ગ પ્રત્યેક સ્થાન સાથે તેનો સંબંધ ક્ષણિક હોય છે તે એને છોડીને આગળ વધે છે. જો મુસાફરનો પગ એક સ્થાન પર ચિપકી-ચોંટી જાય તો મુસાફર અટકી જાય. તે માર્ગ ઉપર ચાલશે, ચિપકશે નહિ, આનું નામ જ ક્રાન્તિ છે. ક્રન્તિનું નામ જ છે આગળ વધવું. આગળ વધવાનો અર્થ છે કે પાછળનું સ્થાન છોડવું. આ માટે અહીં 'तेन त्यक्तेन' શબ્દનો પ્રયોગ થયો છે. 'तेन' નો અર્થ છે 'जगता' (ત્રીજી વિભક્તિ). માર્ગ મુસાફરીનું સાધન છે, પરંતુ ત્યાં સુધી કે જ્યાં સુધી તે માર્ગ 'त्यक्त' થતો જાય એટલે કે છૂટતો જાય, માર્ગ ચિપકે તો ખરાબ અને મુસા.ર ચિપકે તો પણ ખરાબ. માર્ગ અર્થાત્ જગત કોઈને ચિપકતું નથી. તેનો સ્વભાવ જ ચિપકવાનો નથી. હા, મનુષ્ય ચિપકવાનું ઈચ્છે છે ખરો, તેની આ ચિપકવાની ઈચ્છા તેની મુસાફરીમાં બાધક - નડતરરૂપ થાય છે. આપણે ચાલતા નથી, આપણને ધકેલવામાં આવે છે. આપણી આંતરિક ઇચ્છા ચિપકાવાની હોય છે પરંતુ દૈવીશક્તિ આપણને ફરજ પાડે છે કે આપણને આગળ ધકેલવામાં આવે. આપણે આપણાં ભોગોને માટે જગતનો પ્રયોગ અવશ્ય કરીએ કારણ કે જગત આપણાં ભોગોનું સાધન છે, તેના દ્વારા જ આપણે ભોગ ભોગવીશું. પરંતુ આ સાધનનું વિશેષણ છે. 'त्यक्त'. ત્યાગ કરેલ અર્થાત્ જગતને જે પોતાના માર્ગની જેમ મુસાફરીનું સાંધન બનાવવા ઈચ્છે છે, તેને ત્યાગભાવ ધારણ કરવો પડશે, ચિપકાવાની ભાવના છોડી દેવી પડશે. આપણે જગતના એક સુંદર અને સુખપ્રદ બાગમાંથી પસાર થઈ રહ્યાં છીએ. પૂરેપૂરો બાગ આપણાં સુખ માટે છે. મનુષ્ય જીવન કરતાં ક્યું જીવન સુખપ્રદ હશે? પરંતુ જગત નિયન્તા આદેશ કરે છે કે આ બાગનો ઉપભોગ કરો, પરંતુ માર્ગની જેમ. આ માર્ગ છે, ધર્મશાળા નથી. રસ્તો રોકીને ઊભા રહેશો તો પોલીસ તમોને પકડી લેશે. માર્ગ ચાલવા માટે છે, ડેરા તંબુ નાખવા માટે નથી. આથી ત્યાગ ભાવ ધર્મનું મુખ્ય અંગ છે. ન ભોગવવાનું નામ ત્યાગ નથી, ભોગોને ન ચિપકાવાનું નામ ત્યાગ છે અને ત્યાગમય ઉપભોગ હંમેશા સુખકારી હોય છે. દુઃખ, ભોગવવામાં નથી, ચિપકવામાં છે. આથી બે આદેશ એક સાથે આપવામાં આવ્યા છે. 'भुजीथाः' અને 'मा गृधः' ભોગવો અને ચિપકો (વળગો) નહીં! જગત ભોગવવાને આપ કેવી રીતે રોકી શકશો! આપણી શારીરિક જરૂરીયાત આપણને ભોગવવા માટે વિવશ કરે છે. એ કેવી રીતે સંભવ છે કે આપણે ભોજન ન લઈએ! સૌન્દર્યનું નિરીક્ષણ કરીને આનંદ

પ્રાપ્ત ન કરીએ! ભોગ તો જીવનની સાથે જોડાયેલ છે પરંતુ ભોગને મર્યાદામાં રાખવા માટે 'મા ગૃધઃ' (ચિપકો નહિ) આ આદેશ પણ આવશ્યક છે. મુમુક્ષુ ભોગવવાની સાથે ત્યાગ કરવાને માટે પણ તૈયાર રહે છે.

હવે પ્રશ્ન એ છે કે ન ચિપકવાનો આદેશ કેમ આપવામાં આવ્યો? માર્ગ અને ધર્મશાળામાં તફાવત છે માર્ગ પણ એક સ્થાન છે અને ધર્મશાળા પણ એક સ્થાન છે. પરંતુ માર્ગ બધાને માટે ખુલ્લો છે, તે કેવળ એકનું જ નથી. જગતરૂપી ધન 'कस्यचित्' અર્થાત્ કોઇ એકનું જ નથી, બધાનું છે. અહીં એવું નથી કે આ ધન કોઇનું નથી. જો કોઇનું પણ ન હોય તો તેને કોણ ભોગવી શકે? જો કોઇ ભોગવી ન શકે તો તે ધનનો શું લાભ શું ? ધન વ્યર્થ નથી, ભોગવવાની વસ્તુ છે. પરંતુ એક જીવને ભોગવવા માટે નહિ, બધાં જ જીવોને ભોગવવા માટે છે. આથી જ્યારે કોઇ એક વ્યક્તિ ધન ઉપર પોતાનું પ્રભુત્વ સ્થાપવા માગે તો ધન તેને માટે સુખદાયકને બદલે દુઃખદાયક થાય છે. જેમ સ્વાદિષ્ટ વસ્તુ અધિક સમય સુધી મોંમા રાખવાથી સ્વાદહીન થઇ જાય છે, એવી રીતે ધનને ચિપકવા (વળગવા)થી ધન અલાભકારી થઇ જાય છે.

આ રીતે આ મંત્રમાં ચાર મુખ્ય વાતો છે.

(૧) જગતના ગતિવિધાનની વાસ્તવિકતા
(૨) ઇશ્વરનું તેંની ઉપર પ્રભુત્વ
(૩) જગત ભોગવવા માટે છે.
(૪) જગતને ચિપકવું ન જોઇએ.

અનુસંધાન પાના નં. ૧૮ પરનું ચાલુ ...પિતૃ નડતર એક અજ્ઞાત ભય...

અમારી શક્તિ અમારા માટે નો વપરાય. બાકી કરમ પીડા તો સૌએ ભોગવવી જ પડે છે."

**પુસ્તકના પાને વેણરૂપી વધાવોઃ**

પદ, પ્રતિષ્ઠા, સિદ્ધિ અને સંપત્તિ માનવી શા માટે કમાય છે? પોતાને અને પોતાનાને કામ આવે એ માટે જ. વ્હાલના દરિયા જેવી દીકરીના દુઃખ દર્દ દૂર કરવા માટે કોઇ પણ બાપ એનું સઘળું હોડમાં મુકવા તૈયાર થાય જ. નજર સામે દુભાતી દીકરીની વીટંબણા દૂર કરવા માટે ભૂવા એની શક્તિ ન વાપરે એ વાત માનવી મુશ્કેલ છે. રણછોડ ભૂવાનો ખુલાસો મને તો ગળે ઉતરતો નથી. બાપ ભૂવા બન્યાનો દીકરીને શો લાભ? ઠંડા દિમાગથી વિચારતા રહેજો.

# જિજ્ઞાસા - સમાધાન

- આચાર્ય સોમદેવ આર્ય

**અંધવિશ્વાસ :** **પ્રાણ ચેતન છે કે જડ? જો ચેતન છે તો કેન ઉપનિષદ્‌ના ઋષિ એમ શા માટે કહે છે કે -ઈન્દ્રિયો, મન, બુદ્ધિ અને પ્રાણની પહોંચ પરમાત્મા સુધી નથી, કારણ કે આ બધાં જડ છે. જો જડ છે તો તેને પ્રકૃતિનાં તત્વોમાં શા માટે ગણવામાં આવેલ નથી?**

**જો પરમાત્માનું નામ પ્રાણ છે તો પછી કોઈ શાસ્ત્રમાં ક્યાંય પણ ઈશ્વરને પ્રાણવાન્ શા માટે કહેવામાં આવેલ નથી? આર્ષ ગ્રન્થોમાં અનેક જગ્યાએ ઈશ્વરને અપ્રાણની સંજ્ઞા આપવામાં આવેલ છે. માત્ર આત્માની સાથે (શરીર અવસ્થામાં) જોડાવાથી આત્માને પ્રાણી શબ્દથી ઓળખવામાં આવે છે, આવું શા માટે?**

**નિવારણ :** શરીરમાં વાયુને લેવો અને છોડવો તેને શ્વાસ કહેવામાં આવે છે અને શરીરને ધારણ કરનાર જીવની શક્તિનું નામ પ્રાણ છે. બંનેમાં ખાસ અંતર નથી. જો અંતર કરવા ઇચ્છીએ તો એકમાં વાયુને લેવો અને છોડવો એ ખાસ પ્રકારની ક્રિયા છે અને બીજામાં ખાસ પ્રકારની જીવની શક્તિ છે. પ્રાણ શબ્દનો અલગ-અલગ પ્રસંગોમાં અલગ-અલગ અર્થ મળે છે. મુખ્યરૂપે શરીને ધારણ કરનાર, જીવનનું મૂળ શરીરમાં રહેતા ખાસ પ્રકારના વાયુના માટે પ્રાણ શબ્દ રૂઢ થઇ ગયો છે. પ્રાણ શબ્દનાં અન્ય અનેક અર્થોમાં - પરમાત્મા, આત્મા, મન, ઇન્દ્રિયો, બળ, ઊર્જા, શક્તિ, સામર્થ્ય, પ્રિય વ્યક્તિ, ચંદ્રમા, સોમ, વરુણ, અર્ક (સૂર્ય), સવિતા, અમૃત, યજ્ઞનો ઉદ્‌ગાતા, સામવેદ, ભરત (ધારણ-પોષણ કરનાર) વાચસ્પતિ, રસ, દીક્ષા, પશુ, મનુષ્ય, જયેષ્ઠ, શ્રેષ્ઠ, સમિધ (અગ્નિ), પ્રાણો વૈરેતઃ રૂદ્ર, વસિષ્ઠ (અતિશય રૂપે ધર્મ કાર્યમાં લાગેલ), વાણી, સ્વર (શબ્દ) વગેરે છે. આ બધાં પોત-પોતાની જગ્યાએ પ્રાણ તત્ત્વ છે. જ્યાં જેવો પ્રસંગ હશે ત્યાં પ્રાણનો અર્થ તે જ આધારે થશે.

પ્રાણ જડ પદાર્થ છે, ચેતન નથી. જેવી રીતે ભૂખી વ્યક્તિને માટે ભોજન જીવનદાયી ગણાય છે, તેવી રીતે પ્રાણ પણ જીવનદાયી છે, આથી ઘણી વખત એવું સમજી લેવામાં આવે છે કે પ્રાણ ચેતન પદાર્થ છે. વાસ્તવમાં પ્રાણ અર્થાત્ શરીરમાં રહેલ વાયુ જડ પદાર્થ છે, ચેતન નહીં. એ જ રીતે ઇન્દ્રિયો, મન, બુદ્ધિ પણ જડ પદાર્થ છે. જડ પદાર્થની પહોંચ પરમાત્મા સુધી નથી, પરંતુ પરમાત્મા સુધી પહોંચવામાં

આત્માના સાધન જરૂર છે.

વાયુને પ્રકૃતિ તત્ત્વમાં ગણવામાં આવેલ છે. સ્પર્શ તન્માત્રાથી વાયુ બનેલ છે, સ્પર્શ તન્માત્રા અહંકારથી બનેલ છે, અહંકાર મહાતત્ત્વથી બનેલ છે અને મહતત્વ મૂળ પ્રકૃતિથી બનેલ છે. આમ પ્રાણ=વાયુને પ્રકૃતિ તત્ત્વમાં ગણવામાં આવેલ છે. પરમાત્માનું નામ જ પ્રાણ છે, એવું માનવું ભૂલ ભરેલું છે. હા, પરમેશ્વરની સંજ્ઞા પ્રાણ છે. આ માટે ગાયત્રી મંત્રમાં ભૂ: આવેલ નો અર્થ જુઓ भूरित वै प्राण: જે સમસ્ત જગતના જીવનનો આધાર પ્રાણથી પણ પ્રિય અને સ્વયમ્ભૂ છે તે પ્રાણનો વાચક ભૂ હોવાથી પરમેશ્વરનું નામ છે. (સત્યાર્થપ્રકાશ, ત્રીજો સમુલ્લાસ) અહીં મહર્ષિએ સ્પષ્ટ રીતે પ્રાણને ઈશ્વરનો વાચક કહેલ છે. જેવી રીતે આપણાં શરીરનો આધાર ભૌતિક (સૂક્ષ્મભૂતથી બનેલ) પ્રાણ છે, તે જ રીતે સમસ્ત જગત્‌નો આધાર પરમાત્મારૂપી પ્રાણ છે. આ અર્થમાં પરમાત્માને પ્રાણ કહેવામાં આવેલ છે, કહી શકાય છે.

ઈશ્વરને પ્રાણવાન્ ન કહેવાના બદલે અપ્રાણ કહેવામાં આવેલ છે તો એનું સમાધાન એ છે કે ઈશ્વર ક્યારેય શરીર ધારણ કરતો નથી. આથી ઈશ્વરને આ જડ પદાર્થ-પ્રાણની જરૂર નથી. તેથી પરમાત્માને પ્રાણવાન્ કહેવામાં આવેલ નથી પરંતુ અપ્રાણની સંજ્ઞા આપી દીધી.

આપણે જ્યારે પરમાત્માને સૌનો સ્વામી તરીકે જોઈશું - માનીશું તો તે સર્વેમાં પ્રાણ પણ છે, પરમેશ્વર તે પ્રાણનો સ્વામી પણ છે. જેવી રીતે બળના સ્વામીને બળવાન્ તે જ રીતે પ્રાણના સ્વામી પરમાત્માને પ્રાણવાન કહી શકાય. આમાં કોઈ સૈદ્ધાંતિક હાનિ નથી.

શરીરાવસ્થામાં પ્રાણ આત્મા સાથે જોડાવાથી આત્માને પ્રાણી કહેવામાં આવે છે. આવું એટલા માટે બને છે કે શરીર ધારણ અવસ્થામાં જ આત્માને પ્રાણની જરૂર રહે છે, જે પરમાત્માની વ્યવસ્થાથી પ્રાપ્ત થાય છે. પ્રાણોથી યુક્ત હોવાના કારણે તેને પ્રાણી કહેવામાં આવે છે. શરીર અવસ્થાથી ભિન્ન પ્રાણોની જરૂર રહેતી નથી, આવી અવસ્થામાં તેને પ્રાણી પણ ન કહી શકાય.

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)

–સહસંપાદક

ગતાંકનું ચાલું...

## કહિરા (મિશ્ર) જવા પ્રયાણ

અકબાથી છ કલાકના અંતરે મિશ્રની સીમા શરૂ થાય છે. સીમા ઉપર ઘુસણખોરી અટકાવવા માટે એક ચોકી છે. અહીં આ ચોકી સિવાય કોઇ માનવ વસ્તી નથી. હું જ્યારે આ ચોકીએ પોહોંચ્યો તો મારી પાસે પાસપોર્ટ માંગવામાં આવ્યો કારણ કે પાસપોર્ટ વિના કોઇ પણ વ્યક્તિને મિશ્રમાં પ્રવેશ કરવા દેવામાં આવતો નથી. મેં જવાબ આપ્યો કે સમસ્ત પૃથ્વી પરમાત્માની છે અને હું પણ પરમાત્માની પ્રજા છું. મારી પાસે તેમનો પાસપોર્ટ છે. પરંતુ ચોકીના અધિકારીએ એ તરફ ધ્યાન ન આપ્યું.

આ ચોકીએથી ટેલિફોન, તાર, રેલવે, મોટર વડે આખા મિશ્રનો સંપર્ક છે, અલઅરીશ (સૈન્યા)માં કે જે મિશ્રની સીમાઓનું મોટું કેન્દ્ર છે ત્યાં અરબનો ગવર્નર રહે છે. મેં એ ચોકીએથી ટેલિફોન કર્યો કે મહેરબાની કરીને મને મિશ્રમાં પ્રવેશવાની રજા આપી શકશો? તેણે મને જવાબ ન આપ્યો, ઉલ્ટાનું ચોકી પરના સિપાહીઓને કહી દીધું કે મને કયાંય જવા ન દેવો. સિપાહીઓએ મને કહી દીધું કે તમારે અહીંથી ક્યાંય જવાનું નથી. મેં એનું કારણ પૂછ્યું તો કહે મિશ્રનો બાદશાહ જલાલતલમલિક ફવ્વાદ છે. જે એક મુસ્લિમ બાદશાહ છે. મારી પાસે કોટ ન હતો. ઠંડી ખૂબ પડતી હતી. આથી મેં શણના બારદાન (કોથળા)નો કોટ બનાવીને ઓઢી લીધો.

બીજા દિવસે ગવર્નરે મોકલેલ એક મોટર આવી, જેમાં એક હવાલદાર સાહેબ બેઠાં હતા. તેણે મને મોટરમાં બેસવા કહ્યું. હું મોટરમાં બેસી ગયો. થોડીવારમાં અલ અરીશ પહોંચી ગયા. અરબના ગર્વનરે મને ભારતવર્ષથી અહીં સુધી પહોંચવાનો સંપૂર્ણ વૃતાંત પૂછ્યો. મેં તેને જણાવી દીધું કે હું જે વિસ્તારમાં જાવ છું ત્યાં પ્રવેશ કરતા પહેલા ત્યાંના

બાદશાહની રજા લઉ છું. મને પૂરો ભરોસો બેસી ગયો કે હું એક પ્રામાણિક માણસ છું, અને ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવા માટે લોકોમાં હિજબુલ્લાહ ધર્મનો પ્રચાર કરવા નીકળ્યો છું. હું બાદશાહ ફવ્વાદને મળવા ઈચ્છુ છું. આથી તેમણે એક તાર જલાલાતબમલિકને કાહિરા મોકલ્યો અને મને કહી દીધું કે જ્યાં સુધી તારનો જવાબ ન આવે ત્યાં સુધી તમારો અલઅરીશની બહાર ક્યાંય જવાનું નથી. બે દિવસ સુધી તો મેં હિજબુલ્લાહનો ખૂબ પ્રચાર કર્યો અને હિજબુલ્લાહ (આર્યસમાજ)ની પણ સ્થાપના કરી લીધી.

રાતનો દસ વાગ્યાનો સમય હશે. દસ-પંદર માણસો મારી પાસે બેઠા હતા અને તેમની વચ્ચે પ્રચાર કરતો હતો. ત્યાં જ એક સિપાહી મારી પાસે આવીને બોલ્યો - ચાલો, મામલતદારે ઓફિસમાં બોલાવ્યા છે. હું ત્યાં પહોંચ્યો તો મામલતદાર ઓફિસેથી બહાર જવા નીકળી ગયા હતા. આથી મને બીજે દિવસે આવવા કહ્યું.

મામલતદાર સાહેબનો દીકરો મારો મિત્ર બની ગયો હતો અને આર્યસમાજ (હિજબુલ્લાહ)નો સદસ્ય હતો. તે પણ રાત્રિ બેઠકમાં મારી સાથે હતો અને તેની બહેન કે જે વિદ્યાલયમાં ભણતી હતી તે પણ તેની સાથે આવી હતી. ઓફિસમાં તે બંને ભાઇ-બહેન પણ મારી સાથે આવ્યા હતા.

બીજા દિવસે સવારે હું છોકરાઓની શાળામાં ગયો. ત્યાં અરબી અને અંગ્રેજીનું શિક્ષણ અપાતું હતું. મેં જયારે તે વિદ્યાર્થીઓ સાથે અંગ્રેજીમાં વાતચીત કરી તો મારી અંગ્રેજી ભાષા સાંભળીને વિદ્યાર્થીઓ અને શિક્ષક ખૂબ ખુશ થયા. તેઓને મારા બોલવાની રીત ખૂબ પસંદ પડી કારણ કે તેઓ "ડિડ" ને "દિદ" અને "હાટ" ને વત કહેતા હતા. મામલતદાર સાહેબનો દીકરો શાળાના હેડમાસ્ટરની રજા લઇને મારી સાથે આવ્યો હતો. તે મને છોકરીઓની અંગ્રેજી શાળામાં લઇ ગયો જ્યાં તેની બહેન ભણતી હતી. બહેને પોતાના ભાઇને જોયો તો તુરંત વર્ગ છોડીને બહાર આવી અને પોતાની શિક્ષિકાને મારો પરિચય આપ્યો.

મેં શણના કોથળાનો કોટ પહેર્યો હતો જે જોઇને વિદ્યાર્થિનીઓ હંસવા લાગી અને કહેવા લાગી- શું આ જ માણસ અંગ્રેજી જાણે છે? આ તો અભણ હોય એવું લાગે છે. પરંતુ મેં જયારે તેઓની સાથે અંગ્રેજીમાં વાત-ચીત કરી તો તેઓ પર પ્રભાવ પડયો. શિક્ષિકાએ તે જ સમયે એક

દરજીને બોલાવ્યો અને મારે માટે એક જોડી મિશ્રી પહેરવેશ બનાવી આપવા કહ્યું. મેં ઘણું કહ્યું કે મારે સારા કપડાંની જરૂર નથી. પરંતુ તેમણે મારી વાત ધ્યાને ન લીધી. અને તે જ દિવસે સાંજ સુધીમાં મારા માટે કપડાં તૈયાર થઇને આવી ગયા. મુખ્ય શિક્ષિકાએ મને કહ્યું કે તમે દરરોજ એક કલાક આ કન્યાઓને અંગ્રેજી શીખવવા આવતા રહો.

શાળાએથી નીકળીને હું મામલતદાર સાહેબની ઓફિસે ગયો. સાહેબે મને કહ્યું કે મિશ્રથી એક તાર આવ્યો છે. કાહિરાની પોલીસે જલાલતલમલિક પાસે તમારા મિશ્ર પ્રવેશની રજા માંગી છે, પરંતુ જ્યાં સુધી ત્યાંથી સ્વીકૃતિ ન મળે ત્યાં સુધી તમે અલઅરીશમાં રહો. તમે આખો દિવસ ગમે ત્યાં જઇ શકો છો પરંતુ રાત્રે દસ વાગ્યે અહીં થાણામાં સૂવાનું.

હું જ્યારે રાત્રે દસ વાગ્યે થાણામાં સૂવા ગયો તો જોયું કે કોટડી યાત્રીઓથી આખી ભરાઇ ગઇ હતી. જે લોકો પેલેસ્ટાઇન બાજુથી વિના પાસપોર્ટ આવે તેઓ ભલે મિશ્રના હોય કે વિદેશી, તેઓને થાણામાં રોકી લેવામાં આવે છે. પોલીસ દ્વારા બંધક તરીકે રૂખાય છે. કેટલાંક દિવસો અહીં થાણામાં રોકી રાખી પછી સિપાહી સાથે તેમના દેશોની સરકારની પાસે મોકલી દેવાય છે. હું દરરોજ રાત્રે થાણામાં સૂતો અને દિવસના અલઅરીશમાં પ્રચાર કરવા ચાલ્યો જતો. .

એક વખત ભારતવર્ષનાં કેટલાંક ફકીર મિશ્ર જતા હતા તો તેઓને અલઅરીશમાં પકડી લેવામાં આવ્યાં. પોલીસે તેઓને તબીબી પરીક્ષણ માટે કરાંટીન મોકલી દીધાં. હું દરરોજ એ ફકીરો પાસે જતો હતા અને તેમની મદદ કરતો હતો. કારણ કે તેઓ પાસે પૈસા ન હતા. કરાંટીન હતોથી બહાર જવાની તેઓને છૂટ ન હતી. કરાંટીન પછી તેઓને પેલેસ્ટાઇનની સરકારને સોંપી દીધા. કારણ કે તેઓ ત્યાંથી જ આવ્યા હતાં.

મેં પૂરા બે મહિના અહીં પ્રચાર કર્યો અને હિજબુલ્લાહ (આર્યસમાજ)ની સ્થાપના કરી. પોણા બે મહિના પછી મને મિશ્ર જવાની રજા મળી, અને સાથે જ હિજબુલ્લાહનો પ્રચાર કરવાની પણ છૂટ મળી ગઇ.

રજા મળવા છતાં પણ હિજબુલ્લાહના સદસ્યોના આગ્રહથી હું થોડા દિવસ વધુ રોકાઇ ગયો. આમ થવાથી પોલીસે અરબના ગવર્નરને

અનુસંધાન. પાના નં. ૬ પર

# પ્રેરણા પીયૂષ

## અંત્યજો પ્રત્યે તિરસ્કાર અને આભડછેટ

એક દિવસ બંગાળાની નિશાળોના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર પ્યારીમોહન મુખોપાધ્યાયે સ્વર્ગસ્થ ભૂદેવ મુખોપાધ્યાયને પૂછ્યું કે "આપે ગ્રીસ, રોમ અને ઇંગ્લેન્ડના ઇતિહાસો લખ્યા છે; પરંતુ ભારતવર્ષનો ઇતિહાસ લખ્યો નથી, તેનું કારણ શું ?" તેમણે ઉત્તર આપ્યો કે, "ગ્રીક, રોમન અને અંગ્રેજ, એ ત્રણ પ્રખ્યાત સ્વદેશ ભક્ત પ્રજાઓના ઇતિહાસમાંથી ભારતવાસીઓને ઘણું શીખવાનું મળે એમ છે. ભારતવર્ષનો પાછલા વખતનો રાજનૈતિક ઇતિહાસ એ માત્ર પ્રાયશ્ચિતનો ઇતિહાસ છે." પ્યારીમોહન બાબુએ પૂછ્યુ; "ભારતવાસીઓ ક્યાં બે પાપોનું પ્રાયશ્ચિત કરી રહ્યાં છે ?" ત્યારે એમણે જણાવ્યું કે, પહેલું પાપ સ્વધર્મદ્વિષ અને બીજું પાપ સ્વદેશીવિદ્વેષ."

સ્વધર્મદ્વિષ સંબંધે બોલતાં તેમણે જણાવ્યું કે, હિંદુઓ તેમના નીચલા વર્ગને અંત્યજ વર્ણ નામ આપીને પશુઓના કરતાં પણ તેમનો વધારે તિરસ્કાર કરે છે. કોઇ ડોમ (બંગાળની એક અંત્યજ જાતિ) કે ભંગી જે જગ્યાએ બેઠો હોય તે જગ્યાને તેઓ છાણથી લીપીને સાફ કરે છે, પણ એકાદ કૂતરુ-બિલાડું આવીને ત્યાં મળત્યાગ કરી જાય તો ફક્ત વાશીદું વાળીને જમીન સાફ કર્યાથી જ કામ સરી જાય છે. હાલના વખતમાં "સાધારણ" હિન્દુઓ અંત્યજોના સુખ-દુઃખની બાબતમાં તદ્દન બેપરવા છે. વ્યવહારક્ષેત્રમાં હિંદુઓનો આ સ્વધર્મી વિદ્વેષ કાઢી નાખવા માટે ભગવાને પોતાની અસીમ કરુણાથી પૃથ્વીમાં સૌથી વધારે સ્વધર્મી ઉપર પ્રેમ રાખનારી પ્રજા મુસલમાનોને રાજકર્તા અને શિક્ષક તરીકે ભારતવર્ષમાં મોકલી. એ ધર્મના લોકો આહાર - વ્યવહારની બાબતમાં, સ્વધર્મીઓમાં પંડિત કે મૂર્ખ, બાદશાહ કે ભિખારીનો ભેદભાવ ગણતા નથી. ઇદને દિવસે દરેક વર્ગના તથા દરેક દરજ્જાના હજારો મુસલમાનો એકઠા થઇને "બિસમિલ્લાહ યર રહમાન ફર રહિમ" શબ્દોથી પરમ પવિત્ર વિશ્વનિયંતા ભગવાનની ઉપાસના કરે છે, એ કેવો સુંદર દેખાવ છે! અંત્યજ વગેરે હલકા ગણાતા વર્ણના મનુષ્યો જ્યાં સુધી હિંદુધર્મને માનનારા હોય છે, ત્યાં સુધી તેઓ બિચારા તિરસ્કાર જ પામે છે. તેઓ જયારે કલમો પઢીને મુસલમાન થાય છે, ત્યારે

એના એ હિંદુઓ તેમને "સલામ મિયાં સાહેબ" કહી માન આપે છે અને ખુરશી ઉપર બેસાડે છે. એ સ્વધર્મદ્વિષનું પ્રાયશ્ચિત સેંકડો વર્ષો સુધી મુસલમાનોના રાજ્યમાં કર્યા પછી મહારાષ્ટ્ર અને પંજાબમાં એથી દોષ કેટલોક દૂર થયો હતો. મોગલોની સાથે ધર્મયુદ્ધ કરતી વખતે આહાર-વિહારમાં વર્ણભેદ હોવા છતાં પણ સૈન્યમાં તથા રાજ્યમાં આગળ વધીને ઊંચો દરજ્જો મેળવવાનો માર્ગ ન્યાયાજાતના ભેદભાવ વગર મહારાષ્ટ્રીઓમાં દરેક યોગ્ય પુરુષને માટે ખુલ્લો હતો. એથી કરીને હોલ્કર, ગાયકવાડ અને સિંધિયા ઊંચી ન્યાતોના નહિ હોવા છતાં પણ રાજગાદી ઉપર બિરાજવાને યોગ્ય થયા હતા. પંજાબમાં શીખ લોકોમાં બધા વર્ણના લોકો "સિંહ" પદવી ધારણ કરે છે અને વિવાહની બાબતમાં ભેદ હોવા છતાં પણ આખી શીખજાતિમાં દૃઢ સંપ જોવામાં આવે છે.

અનુસંધાન પાના નં. ૨૯ પરનું ચાલુ ...આ. નડિઆદ વાર્ષિક શિબિર...

શિબિરનો પૂર્ણાહૂતિ કાર્યક્રમ શ્રી સુરેશચંદ્ર આર્ય (પ્રધાન સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા ન. દિ. અને પ્રધાન ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા-અમદાવાદના અધ્યક્ષ સ્થાને અને સ્વામી મુદિતવંદનાનંદજી- આનંદ અશ્રમ (નડિઆદ)ના અતિથિ વિશેષપદે યોજાયો. જેમાં આર્યવીરોએ પોતે શિબિરમાં શીખેલ કૌશલ્યનું લગભગ બે કલાક સુધી પ્રદર્શન કર્યુ હતું. જેને બહોળી સંખ્યામાં ઉપસ્થિત મહાનુભાવોએ નિહાળ્યું અને પ્રશંસાના પુષ્પો વેર્યા હતા. આ પ્રસંગ વિશ્વજ્યોત ટ્રસ્ટ ભાભારામ કન્યા છાત્રાલયના પ્રમુખશ્રી સી. કે. પટેલ અન્ય પદાધિકારીઓ તેમજ ગુજરાતની આર્યસમાજો રાજકોટ, ટંકારા, જામનગર, આણંદ, વડોદરા, સુરત, અમદાવાદ, સુરેન્દ્રનગર, વઢવાણ, લીંબડી, જૂનાગઢ, ભાવનગર, નડિઆદ વગેરેના પદાધિકારીઓ અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

શિબિરને સફળ બનાવવામાં આર્યસમાજ નડિઆદના મેનેજિંગ ટ્રસ્ટી પં. દિનેશચંદ્ર આર્ય, અનુપ પટેલ, નરેશભાઈ કંથારિયાએ જહેમત ઉઠાવી હતી.

પિતૃ નડતર એક અજ્ઞાત ભય!



# અમારી શક્તિ અમારા માટે ના વપરાય!

- બળદેવભાઈ ઓઝા

રણછોડ ભૂવાની દીકરીને સાસરીયે ખૂબ દુઃખ. જમાઇ ઉઠલ પાનીયાનો નીકળ્યો. દીકરીને વાતેવાતે મારપીટ કરે. જમાઇ તો ઠીક પણ વેવાઇ-વેવાણ પણ ભૂવાને ગાળાગાળી કરી જાય. દીકરીને વધુ સહન કરવું ન પડે એટલે મઢમાં હાકલા પડકારા કરતા ભૂવા અહીં નીચી મૂંડીએ સહન કરતા રહે છે. મારે રણછોડભાઇ સાથે ઘણીવાર બેસવાનું થતું. એકવાર ભૂવા બરાબરના રંગમાં હતા. વખાણે ચડયા -

"બહુ જૂનુ વળગાડ હતું. બધે ફરી વળ્યા. છેવટે અહીં આવ્યા. મારી મા હાકાપાહા. ચપટી નાખી. દોરો બાંધી બાધા આપી. પંદરમાં દિવસે ફેંસલો. દીકરી આજે ખમકારા કરે છે."

"આવા તો કાંઇક નડતર કાઢયા છે. કાંઇકના દુઃખ મારી માએ ભાંગ્યા છે. હું તો માત્ર નિમિત્ત બનું છું. હું કહું અને મા કરે છે. મારી સાધનાનું આ ફળ છે."

હું મુંગો મુંગો સાંભળતો રહયો. ભૂવાજી એમની સિધ્ધિના ગુણગાન ગાતા રહયા. સહન થયું ત્યાં સુધી તો ચુપ રહ્યો પણ પછી રહેવાયુ નહીં. ધીમેથી મમરો મૂકયો -

"રણછોડભાઇ, તમારી બધી વાત સાચી. માતા તમને હાકાપાહા છે. તમારા બોલે મા દોડતી થઇને સૌના રોગદોગ મટાડે છે. પણ મને એક વાત ન સમજાણી..."

"માના કામમાં શંકા ન રખાય. પણ હા જો શ્રધ્ધા હોય તો જ મા ફળે."

મેં શંકા પ્રગટ કરી -

"પણ તો પછી રણછોડભાઇ, તમારી દીકરી-જમાઇની તકલીફ છે. એનું શું? માને કહીને એનું નિવારણ કેમ નથી કરાવતા?"

બીજા એક શ્રધ્ધાળુની હાજરીમાં મેં આવો અણધાર્યો સવાલ કર્યો એટલે ઘડી ભર તો ભૂવા હેબતાઇ ગયા. ગંભીર બની ગયા. ઘડી બે ઘડી તો મને પસ્તાવો થયો કે ભલે ને પ્રશ્ન સાચો હતો છતાં ન પૂછયું હોત તો સારું હતું. પાંચ સાત મિનિટ ચૂપ રહ્યા પછી રણછોડ ભૂવાએ ભૂવા તરીકેનું આગવું ગૌરવ જાળવી જવાબ વાળ્યો -


"સાધકની એ મોટાઇ ગણાય છે. અમે બીજાના દુઃખ દૂર કરીએ.

અનુસંધાન પાના નં. ૧૦ પર




મહાન ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલના જીવન પર ભારત મકવાણા દ્વારા લિખિત, ડૉ. વિવેક આર્ય દ્વારા સંપાદિત અને આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ દિલ્લી દ્વારા પ્રકાશિત ચિત્રકથાનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરવામાં આવે છે. આશા છે, પોતાના સંતાનોને તે વાંચવા તેમના માતા-પિતા-વાલી પ્રેરિત કરશે. **- સહસંપાદક**

પિતાજીના કહેવાથી રામપ્રસાદે ઘર છોડી દીધું. ઘર છોડતી વખતે પિતાજીના ચરણ સ્પર્શ કર્યા. ઘર છોડ્યા...



... પછી રામપ્રસાદ એક રાત અને એક દિવસ વૃક્ષ પર બેસી રહ્યો. ખેતરમાંથી લીલા ચણા તોડીને ખાધા. નદીમાં સ્નાન કર્યું.

બીજા દિવસે સંધ્યા સમયે રામપ્રસાદ આર્યસમાજ મંદિર ગયો. ત્યાં પં. અખિલાનંદજીનું પ્રવચન ચાલતું હતું. તે વૃક્ષના ઓથે ઊભા રહીને પ્રવચન સાંભળવા લગ્યો ત્યાં જ...




રામપ્રસાદના પિતાજીએ તેને પકડી લીધો...

... અને શાળાના આચાર્ય પાસે લઇ ગયા. શાળાના આચાર્યએ સમજાવ્યું -




આચાર્યની સલાહથી પિતાજીએ રામપ્રસાદ પર ક્યારેય હાથ ન ઉપાડયો. રામપ્રસાદ મન લગાવીને ભણવા લાગ્યો અને આઠમાં ધોરણમાં સફળતા મેળવી.


તે જ દિવસોમાં શ્રી સ્વામી સોમદેવ સરસ્વતી શાંહજહાંપુરના આર્યસમાજ મંદિર પધાર્યા. રામપ્રસાદ તેમની સેવા કરવા લાગ્યા. તેઓ જ તેના ગુરુ - પથદર્શક હતા.
નવયુવકો સાથે મળીને આર્યકુમાર સભાની સ્થાપના કરી. જેના દ્વારા ધાર્મિક પુસ્તકોનું વાચન-મનન, નિબંધ લેખન અને વાદ-વિવાદ થતા હતા.
आर्यकुमार सभा
તે જ દિવસોમાં મિશન સ્કૂલના એક વિદ્યાર્થી સાથે રામપ્રસાદનો પરિચય થયો. તે વિદ્યાર્થીનું આચરણ સારું ન હતું.
રામપ્રસાદ! મારા ગામમાં રહેવાવાળા તમામ લોકો લાયસન્સ વિનાના હથિયાર રાખે છે. મારી પાસે પણ એક નાલીવાળી નાની પિસ્તોલ છે. આ પિસ્તોલ તું તારી પાસે રાખી લે.
તું સાચુ કહે છે મિત્ર! મારા પિતાજી ઉપર કોઇ વ્યક્તિએ વિના કારણે જ લાઠીઓ વડે હુમલો કર્યો હતો. તેનો બદલો લેવા આ પિસ્તોલ તને કામ આવશે.


પિતાજીને જ્યારે એ વિદ્યાર્થી વિશે જાણ થઇ તો તેઓએ રામપ્રસાદને પ્રેમથી સમજાવ્યો-
જો બેટા રામપ્રસાદ! તે છોકરો મિત્ર થવાને લાયક નથી.
રામપ્રસાદે પિતાજીની વાત માનીને પેલા છોકરાનો સંગ છોડી દીધો.
ત્યાર બાદ રામપ્રસાદ સન્માર્ગે ચાલવા લાગ્યો અને પોતાની માતાની પ્રેરણા મુજબ કામ કરવા લાગ્યો-
બેટા રામપ્રસાદ! જીવન બહુ જ મૂલ્યવાન છે. તારા હાથે ક્યારેય કોઈનું અહિત ન થાય તે જોજે.
શ્રી સોમદેવજીની પ્રેરણાથી રામપ્રસાદને પુસ્તકો અને સમાચાર પત્રો વાંચવાનો શોખ જાગ્યો.
પં. શ્રી રામ બાજપેયીજીએ શાહજહાંપુરમાં સેવા-સમિતિનો પાયો રોપ્યો. રામપ્રસાદ ત્યાં પણ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લેવા લાગ્યા.
હું પણ સેવા-સમિતિમાં ભાગ લેવા ઇચ્છું છું.
सेवा समिति
જરૂર!

લખનઉમાં અખિલ ભારતીય કોંગ્રેસનું અધિવેશન રાખવામાં આવ્યું તેમાં રામપ્રસાદ બિસ્મિલ પણ સામેલ થયા.




એ જ અધિવેશનમાં રામપ્રસાદની મુલાકાત લોકમાન્ય તીલક સાથે થઇ.

રામપ્રસાદ એક ગુપ્ત સમિતિના સદસ્ય બન્યા જેનો મુખ્ય ઉદ્દેશ્ય ક્રાંતિકારી આંદોલનોમાં ભાગ લેવાનો હતો. એક વખત સમિતિને આર્થિક ખેંચ ઊભી થઇ.




માતાએ દીકરાને રૂપિયા આપ્યા.

તે પૈસાથી જ સમિતિએ **દેશવાસિયોના નામે સંદેશ** એ નામે પત્રિકા છપાવી... અને કેટલાંક જિલ્લાઓમાં ચીપકાવી, પરંતુ બંને સંયુક્ત પ્રાંતની સરકારે પત્રિકા જપ્ત કરી લીધી.




ક્રમશઃ.....

# ગુજરાત નું ગતિશીલ....... આર્યજગત

### આર્યસમાજ નડિઆદના સૌજન્યથી

## ગુજરાત પ્રાંતીય આર્યવીર દળ વાર્ષિક શિબિર સંપન્ન



આર્યવીર દળ ગુજરાત દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી વાર્ષિક પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવે છે. જેના દ્વારા નવી પેઢીનું શારીરિક, બૌદ્ધિક અને ચારિત્રિક નિર્માણ કરવામાં આવે છે.

ચાલુ વર્ષનો વાર્ષિક શિબિર આર્યસમાજ નડિઆદના સૌજન્યથી ભાભારામ કન્યા છાત્રાલય, રૂણ તા. વસો, જિ. ખેડા ખાતે ગત તા. ૨૩ થી ૩૦ મે ૨૦૧૯ સુધી યોજાઇ ગયો. જેમાં ગુજરાતના વિવિધ સ્થળોએથી ૧૧૨ આર્યવીરોએ પ્રવેશ લીધો હતો. જે પૈકી અંતિમ દિવસ સુધી ૧૦૫ આર્યવીરો પ્રશિક્ષણ મેળવવા સક્ષમ રહ્યા હતા.

આર્યવીરોને નિશ્ચિત દિનચર્યા સવારના ૪.૩૦ થી રાત્રિના ૯.૩૦ સુધીમાં સાર્વદેશિક આર્યવીર દળના નિર્ધારિત કરેલા શારીરિક અને બૌદ્ધિક પાઠ્યક્રમનો અભ્યાસ કરાવવામાં આવ્યો. જેમાં આર્યવીરોની યોગ્યતા અને વયના આધારે મુખ્ય રીતે કનિષ્ઠ અને વરિષ્ઠ એમ બે વર્ગમાં વહેંચવામાં આવ્યા હતા.



શારીરિક પ્રશિક્ષણમાં સર્વાંગસુંદર વ્યાયામ, દંડ, બેઠક, આસન, સૂર્યનમસ્કાર, ભૂમિનમસ્કાર ઉપરાંત નિયુદ્ધમ (કરાટે), બોક્સિંગ તેમજ સાધન વ્યાયામમાં લાઠીદાવ, ભાલા, છૂરી, તલવારબાજી, લેઝિમ, ડમ્બેલ્સ વગેરે શીખવવામાં આવ્યું. આર્યવીરોને રસ્સા ઉપર લટકીને આસન કરતા પણ શીખવવામાં આવ્યું. જેથી સ્વબચાવ અને સાહસના ગુણ તેમનામાં જાગૃત થયા.

બૌદ્ધિક પ્રશિક્ષણમાં આર્ય એટલે કોણ અને તેમના ગુણો, આર્યવીર દળનો પરિચય, અનુશાસન, ચરિત્ર નિર્માણ, સ્વાસ્થ્ય રક્ષા, આર્યસમાજનો પરિચય, દેશભક્તિ જેવા વિષયોને કેન્દ્રમાં રાખી પ્રશિક્ષણ આપવામાં આવ્યું.

આર્યવીરોને એક દિવસના ટૂંકા પ્રવાસે પણ લઈ જવામાં આવ્યાં. જેમાં તેઓએ આણંદની અમૂલ ડેરી અને આણંદની આર્યસમાજની મુલાકાત તથા સરદાર પટેલ સ્મારક કરમસદની મુલાકાત પણ લીધી.

શિબિરના અંતે તેઓની પરીક્ષા લેવામાં આવી જેમાં નીચે મુજબ પરિણામ આવ્યું –

**કનિષ્ઠ વર્ગ : શારીરિક પરીક્ષા**

પ્રથમ – કોદવાલા અમિત ઉમંગભાઇ (જૂનાગઢ)
દ્વિતીય – દુબરિયા આદિત્ય રાજેશભાઇ (ટંકારા)
તૃત્તીય – ચાવડા યશવંતસિંહ પ્રહ્લાદસિંહ (લીંબડી)

**જયેષ્ઠ વર્ગ : શારીરિક પરીક્ષા**

પ્રથમ – નાયક જય મનોજભાઇ (ઓઢવ-અમદાવાદ)
દ્વિતીય – પરિહાર આવિષ્કાર સુરેશભાઇ (ઓઢવ-અમદાવાદ)
તૃત્તીય – પટેલ કૃતિંક અનુપકુમાર (નડિઆદ)

**વરિષ્ઠ વર્ગ : શારીરિક પરીક્ષા**

પ્રથમ - પડસુંબિયા રુચિતા દેવજીભાઇ (ટંકારા)

દ્વિતીય - હુણ ગીતા નારણભાઇ (જામનગર)

તૃત્તીય - આસોદરિયા ભવતિ સુરેશભાઇ (હોડથલી-રાજકોટ)

**કનિષ્ઠ વર્ગ : બૌદ્ધિક કસોટી**

પ્રથમ - શર્મા અરૂણ સુરેશભાઇ (ઓઢવ-લીંબડી)

**વરિષ્ઠ વર્ગ : બૌદ્ધિક કસોટી**

પ્રથમ - છાંટબાર વિમલ જયેશભાઇ

**:: આસન વિશેષ ::**

**કનિષ્ટ વર્ગ :** પંડયા સૌમ્ય હીરેનભાઇ (જૂનાગઢ)

**મધ્યમ વર્ગ :** ચૌહાણ સિદ્ધરાજ વિરમભાઇ (ગાંધીનગર)

**જયેષ્ઠ વર્ગ :** મહિડા વિશ્વજિતસિંહ ફતેહસિંહ (આણંદ)

**:: નિયૂદ્ધમ (કરાટે) ::**

**મધ્યમ વર્ગ :** ભટ્ટ વિશાખ મૃગેશકુમાર (આણંદ)

**જયેષ્ઠ વર્ગ :** રવાની અમરજિત ધર્મેન્દ્રપ્રસાદ (ઓઢવ)

**:: દંડ–બેઠક ::**

**પ્રથમ વર્ગ :** શર્મા સચિન સુરેશભાઇ (ઓઢવ)

**:: અનુશાસન ::**

**પ્રથમ વર્ગ :** શર્મા ઇશાંત મુકેશભાઇ (ઓઢવ)

**દ્વિતીય વર્ગ :** નાલન અજય જિતેન્દ્રભાઇ (જામનગર)

આ તમામ આર્યવીરોને મેડલ, પેન, પુસ્તક વગેરે પુરસ્કાર આપવામાં આવ્યાં. તેમજ તમામ ૧૦૫ શિબિરાર્થીઓને પ્રમાણપત્ર અને

અનુસંધાન પાના નં. ૨૯ પર

## આર્યસમાજ જૂનાગઢના સૌજન્યથી

ગુજરાત પ્રાંતીય આર્યવીરાંગના દળ

## વાર્ષિક પ્રશિક્ષણ શિબિર અને આર્યવીર દળનો સ્પેશ્યલ સમર કેમ્પ યોજાયો



આર્યવીર દળ ગુજરાત દ્વારા આયોજિત આર્યવીરાંગના દળ વાર્ષિક પ્રશિક્ષણ શિબિર આર્યસમાજ, જૂનાગઢના સૌજન્યથી શ્રી લાલ સ્વામી ધામ, ભવનાથ તળેટી ખાતે સુખરૂપ અને સફળતાપૂર્વક સંપન્ન થયો. તા. ૧૩ થી ૧૯ મે ૨૦૧૯ સુધી આયોજિત આ શિબિરમાં ગુજરાતના વિવિધ સ્થળોએથી ૧૨૨ આર્યવીરાંગનાઓ ઉપસ્થિત રહી હતી. જેમાં સૌથી વધુ ૬૦ બહેનો આર્યસમાજ જામનગર દ્વારા આવેલ હતી. જે એક કીર્તિમાન હતો. તેમજ આર્યવીર દળ, જૂનાગઢનો સ્પેશ્યલ સમર કેમ્પ પણ સાથે રાખવામાં આવ્યો. જેમાં પણ ૫૨ (બાવન) શિબિરાર્થીઓ જોડાયા હતા.

શિબિરમાં નિર્ધારિત દિનચર્યા સવારે ૪-૩૦ જાગરણથી રાત્રિના ૯-૩૦ સુધી ચાલી હતી. જેમાં શિબિરાર્થી બહેનોને શારીરિક અને બૌદ્ધિક પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું. જેમાં સાર્વાંગ સુંદર વ્યાયામ, સૂર્યનમસ્કાર, ભૂમિનમસ્કાર, આસન, લાઠી દાવ, ભાલા, તલવાર બાજી, છૂરી દાવ ઉપરાંત તિરંદાજી અને રાઇફલ શૂટિંગનું પ્રશિક્ષણ પણ આપવામાં

આવેલ હતું. સાધન વ્યાયામ લેઝીમ અને ડમ્બેલ્સ પણ શીખવવામાં આવેલ હતાં.

બૌદ્ધિક પ્રશિક્ષણમાં આર્યવીરાંગના દળનો પરિચય, અનુશાસન, ચરિત્ર નિર્માણ, દેશભક્તિ, વૈદિક સંસ્કૃતિનું મહત્વ વગેરે જેવા વિષયોનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

શિબિર દરમ્યાન સાંજના ભોજન બાદ પ્રતિદિન ભ્રમણ રહેતુ. શિબિર સ્થળ ભવનાથ તળેટીમાં પ્રકૃતિની ગોદમાં, ગિરનારની છત્રછાયામાં હોવાથી ભ્રમણ માટે બાળાઓને પહાડી રસ્તાઓ, ખડકો અને વનરાઇનો આનંદ માણવા લઇ જવામાં આવતી.

એક દિવસ જૂનાગઢના ઐતિહાસિક - પુરાતન - ઉપરકોટના કિલ્લાની પણ મુલાકાતે લઇ જવામાં આવેલ.

શિબિરના અંતે મૈદાની અને લિખિત પરીક્ષા લેવામાં આવેલ હતી. જેમાં નીચે મુજબ પરિણામ આવેલ હતું -

**કનિષ્ઠ વર્ગ : શારીરિક પરીક્ષા**

પ્રથમ - પરમાર ઉર્મિલા રમેશભાઇ (વઢવાણ)
દ્વિતીય - કુશવાહા રચના વીરેન્દ્રભાઇ (સુરેન્દ્રનગર)
તૃત્તીય - વર્મા સ્વાતિ વીરબહાદુર (રાજકોટ)

**કનિષ્ઠ વર્ગ : બૌદ્ધિક પરીક્ષા**

પ્રથમ - પરમાર ઉર્મિલા રમેશભાઇ (વઢવાણ)
દ્વિતીય - ગોંડલિયા હિરલ ભાવેશભાઇ (જામનગર)
તૃત્તીય - વર્મા સ્વાતિ વીરબહાદુર (રાજકોટ)

**વરિષ્ઠ વર્ગ : શારીરિક પરીક્ષા**

પ્રથમ - પડસુંબિયા રૂચિતા દેવજીભાઇ (ટંકારા)
દ્વિતીય - હુણ ગીતા નારણભાઇ (જામનગર)
તૃત્તીય - આસોદરિયા ભવતિ સુરેશભાઇ (હોડથલી-રાજકોટ)

**વરિષ્ઠ વર્ગ : બૌદ્ધિક પરીક્ષા**

પ્રથમ - જાદવ અંજલિ મહેશભાઇ (લીંબડી)

દ્વિતીય - પરમાર નમ્રતા કિશોરભાઇ (જામનગર)
તૃત્તીય - પીંગળ કાજલ જીવુભાઇ (જામનગર)

## ::: સંપૂર્ણ શિબિરમાં વિશેષ :::

**સેવા** : હુણ ગીતા નારણભાઇ (જામનગર)
**અનુશાસન** : ચૌહાણ નિતા ભીખુભાઇ (આણંદ)
**શ્રેષ્ઠ વીરાંગના** : ગોંડલિયા હિરલ ભાવેશભાઇ (જામનગર)

તમામ ભાગ લેનારશિબિરાર્થિનીઓને પ્રમાણપત્ર અને પુરસ્કાર આપવામાં આવેલ હતાં.

ઉપરાંત આર્યસમાજ જૂનાગઢ દ્વારા દરેકને હોટ લંચ બોક્સ, સાજીદાબેન તરફથી સોયાનમકીન, ધર્મરાજ કિરીટભાઇ તરફથી રાઇરીંગ પેડ, પ્રકાશભાઇ સુરેન્દ્રનગર તરફથી શૈક્ષણિક કીટ અને ચકલી ઘર તેમજ પરસોતમભાઇ ગામી તરફથી એક દિવસનો નાસ્તો, જશવંત ગોહિલ તરફથી એક દિવસ મિઠાઇ, અશોકભાઇ પરમાર જૂનાગઢ તરફથી પતંજલિ જ્યૂસ, દીપકભાઇ આર્ય તરફથી પતંજલિ બિસ્કીટ આપવામાં આવ્યાં.

શિબિરનો પૂર્ણાહૂતિ કાર્યક્રમ તા. ૧૯ મેના રોજ યોજવામાં આવ્યો. જેનું અધ્યક્ષ સ્થાને શ્રી રણજીતસિંહ પરમાર (ઉપપ્રમુખ ગુજ. પ્રા. આર્ય પ્રતિનિધિ સભા) રહ્યા હતાં. મુખ્ય અતિથિ તરીકે શ્રી શેરનાથ બાપુ (મહંતશ્રી ગુરુ ગોરક્ષનાથ આશ્રમ, ભવનાથ) ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વચન કહ્યાં હતા.

પૂર્ણાહૂતિ કાર્યક્રમનો પ્રારંભ યજ્ઞથી કરવામાં આવેલ હતો. જેમાં વીરાંગનાઓએ વ્રતસૂત્ર (જનોઇ) ધારણ કરી હતી અને વ્રત ગ્રહણની આહુતિ આપી દુર્ગુણ ત્યાગ અને સદ્ગુણ ધારણ તથા સત્યનો સ્વીકાર અને અસત્યને છોડવાનાં વ્રત લીધા હતાં. ત્યાર બાદ આર્યવીરાંગનાઓએ શિબિર દરમ્યાન મેળવેલ પ્રશિક્ષણનું નિદર્શન-ઉપસ્થિત મહાનુભાવોની સમક્ષ કર્યુ હતું. જેમાં માર્ચ પાસ્ટ (પરેડ)નું સૈનિક અભિવાદન ગુજ. પ્રા. આર્ય પ્રતિનિધિ સભાના ઉપપ્રધાન શ્રી રણજીતસિંહ પરમાર, આર્યસમાજ જૂનાગઢના પ્રધાન શ્રી હુંદરાજભાઇ અડવાણી અને આર્યવીર દળ ગુજરાતના સંચાલક હસમુખભાઇ પરમારે લીધું હતું અને પરેડનું નિરીક્ષણ કર્યુ હતું. ત્યાર બાદ વીરાંગનાઅઓએ તેમજ શારીરિક વ્યાયામ અને સાધન વ્યાયામ

તેમજ સ્તુપ વગેરેનું પ્રદર્શન કરી દર્શકોની પ્રશંસાના અધિકારી બની હતી.

આ પ્રસંગે આર્યસમાજ રાજકોટ, આર્યસમાજ જામનગર, આર્યસમાજ ટંકારા, આર્યસમાજ સુરેન્દ્રનગર, આર્યસમાજ વઢવાણ, આર્યસમાજ લીંબડી, આર્યસમાજ આણંદ, આર્યસમાજ નડિઆદ વગેરેના પદાધિકારીઓ, સદસ્યો, જૂનાગઢની વિવિધ સંસ્થાઓના અધિકારીઓ, સદસ્યો, વાલીગણ અને જાહેર જનતા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

શિબિરમાં મુખ્ય વ્યાયામ શિક્ષક તરીકે શ્રીમતી અભિલાષા આર્યા રહ્યા હતા. તેમજ અન્ય શિક્ષક શ્રી સત્યમ્ આર્ય અને દીપકભાઇ આર્ય, કુ. ભીખુબેન, કુ. ગીતાબેન, કુ. મૃદુલા, કુ. પ્રિયંકા અને કુ. સ્વારાલી રહી હતી. બૌદ્ધિક પ્રશિક્ષણ શ્રી પ્રવીણભાઇ ઠાકર, પ્રવીણાબેન વાઘેલા અને ડૉ. સદ્‌ગુણાબેન આર્યએ આપ્યું હતું.

સમગ્ર શિબિરની ઉત્તમ વ્યવસ્થા આર્યસમાજ જૂનાગઢના પ્રમુખ શ્રી હુંદરાજભાઇ અડવાણી, મંત્રીશ્રી કાંતિભાઇ કીકાણી, ઉપમંત્રીશ્રી પ્રવીણાબેન વાઘેલા, શ્રી દીપકભાઇ ચાવડા અને કાર્યકર્તાઓએ સંભાળી હતી.

અનુસંધાન પાના નં. ૨૫ પરનું ચાલુ ...આ. નડિઆદ વાર્ષિક શિબિર...

સત્ય સિદ્ધાંત પુસ્તક આપવામાં આવ્યાં. તેમજ ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ તરફથી તમામને સ્કૂલ બેગ ભેંટ આપવામાં આવી.

શિબિરમાં વિશ્વજ્યોત ટ્રસ્ટ-ભાભારામ કન્યા છાત્રાલયનો ખૂબ સારો સહયોગ રહ્યો, નિઃશુલ્ક આવાસ તથા એક દિવસનું ભોજન પણ તેમના તરફથી રહ્યું. તેમજ અન્ય દાતાઓએ નાસ્તો, અનાજ વગેરેથી સહયોગ આપ્યો.

શારીરિક પ્રશિક્ષક તરીકે ચંદ્રપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ), સુવાસ શાસ્ત્રી (ટંકારા) અને દીપકભાઇ આર્યએ સેવા આપી હતી. તેમજ સહાયક શિક્ષક તરીકે રીતેશ પડસુંબિયા (ટંકારા)એ સેવા આપી હતી.

બૌદ્ધિક પ્રશિક્ષણ તરીકે પ્રવીણચંદ્ર ઠાકર અને અશોકભાઇ આર્ય (ટંકારા)એ સેવા આપી હતી.

અનુસંધાન પાના નં: ૧૭, ૫૨

આર્યસમાજ જામનગર દ્વારા

## મફત છાસ વિતરણ પરબનો પ્રારંભ



આર્યસમાજ જામનગર દ્વારા મફત છાસ વિતરણ પરબનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી દીપકભાઇ ઠક્કર, ઉપપ્રમુખશ્રી કીર્તિબેન ભટ્ટ, માનદ્ મંત્રીશ્રી મહેશભાઇ રામાણી, કોષાધ્યક્ષશ્રી વિનોદભાઇ નાંઢા, પુસ્તકાધ્યક્ષશ્રી દીપકભાઇ નાંઢા, શ્રી સત્યદેવભાઇ વાલેરા, શ્રી પ્રભુલાલ મહેતા, શ્રીમતી જાગૃતિબેન એ. ભટ્ટ, શ્રી મનોજભાઇ નાંઢા, શ્રી ધીરુભાઇ ભટ્ટ, શ્રી જગદીશભાઇ મકવાણા, શ્રી ધીરુભાઇ નાંઢા, શ્રી અરજણભાઇ ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતા. આ છાસ પરબ સવારના ૧૧.૦૦ થી બપોરના ૨.૦૦ સુધી ચાલુ રહેશે. જેનો લાભ લેવા જાહેર જનતાને અપીલ કરેલ છે.

શ્રીમદ્ દયાનંદ વિદ્યાલય, જામનગરનું

## ધો.૧૨નું ઝળહળતુ પરિણામ

આર્યસમાજ જામનગર દ્વારા સંચાલિત શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયમાં વર્ષ ૨૦૧૮-૧૯ ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ વિજ્ઞાન પ્રવાહ શ્રેણી ૧૨માં કટેશીયા નીલમબેન ખોડાભાઇએ A2 ગ્રેડ સાથે 98.38 PR મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે, તેમજ દ્વિતીય ક્રમે પીરજાદા આશિયાના 94.18 PR અને તૃતીય ક્રમે વાઘેલા લાખુબેન 93.83 PR સાથે ઉતીર્ણ થઇ શાળા તથા સંસ્થાનું ગૌરવ વધારેલ છે. સફળતા બદલ શાળાના આચાર્ય શ્રી પ્રફુલાબેન રુપડીયા, આર્યસમાજ જામનગરના પ્રમુખશ્રી દીપકભાઇ ઠક્કર અને માનદ્ મંત્રીશ્રી મહેશભાઇ રામાણીએ અભિંદન પાઠવેલ.

આર્યસમાજ ટંકારા દ્વારા

# મહિલા યોગ શિબિર યોજાયો




આર્યસમાજ ટંકારા દ્વારા તા. ૩૧-૫-૨૦૧૯ થી તા. ૨-૬-૨૦૧૯ સુધી મહિલાઓ માટે યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૭૫ જેટલી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

આ શિબિર આર્ય વિદ્યાલયમ્ ખાતે રાખવામાં આવેલ હતો. સવારે ૬ થી ૮ અને સાંજે ૪ થી ૬ સત્ર રાખવામાં આવેલ હતા કુલ પાંચ સત્ર યોજાયા હતા. શિબિરના પ્રશિક્ષિકા તરીકે જૂનાગઢથી ડૉ. સદ્ગુણાબેન આર્યા અને સુ. શ્રી ભાવનાબેન આર્યાએ અમૂલ્ય સેવા આપી હતી. તેઓએ શિબિરાર્થિની બહેનોને મનુષ્ય જીવનનું લક્ષ્ય, જીવનમાં સુખ-શાંતિના ઉપાયો, દુઃખ અને તેના કારણો તથા તેનું નિવારણ કઇ રીતે થઇ શકે, તેમજ આસન, પ્રાણાયામ, ધ્યાન વગેરેનું પ્રાયોગિક શિક્ષણ આપેલ હતું.

શિબિર વ્યવસ્થામાં આર્ય વિદ્યાલયમ્‌ના સંચાલકોએ ભરપૂર સહયોગ આપ્યો હતો તેમજ બહેનોને ટંકારાથી આર્ય વિદ્યાલયમ્ સુધી લાવવા-મૂકવા ખાસ બસની વ્યવસ્થા કરી આપી હતી.



શિબિરાર્થિઓએ પોતાના પ્રતિભાવમાં આવા શિબિર અવાર-નવાર યોજવા જણાવ્યું હતું.

BOOK-POST

# આર્યાભિવિનય

भग एव भगवां २ ऽ अस्तु देवास्तेन वयं भगवन्तः स्याम ।
तं त्वा भग सर्व इज्जहवीति स नो भग पुर एता भवेह ॥
यजुर्वेद० ३४.३८

**વ્યાખ્યા :** હે સર્વના અધિપતિ! મહારાજેશ્વર! આપ भगः પરમ ઐશ્વર્ય સ્વરૂપ હોવાથી ભગવાન છો. હે (देवाः) વિદ્વાનો! तेन (भगवता प्रसन्नेश्वरसहायेन) તે ભગવાન - પ્રસન્ન (આનંદ સ્વરૂપ) ઇશ્વરની સહાયતાથી આપણે પરમ ઐશ્વર્યયુક્ત બનીએ. હે भग પરમેશ્વર! સમસ્ત સંસાર तन्त्वा આપને જ ગ્રહણ કરવાની અત્યંત ઇચ્છા કરે છે, કારણ કે એવો કોણ ભાગ્યહીન - હતભાગી મનુષ્ય હોય કે જે આપને પ્રાપ્ત કરવાની ઇચ્છા ન કરે? આપ તો અમને પ્રથમથી જ પ્રાપ્ત થયા છો. પછી કોઇ પણ સમયે આપ અને (આપનું) ઐશ્વર્ય અમારાથી દૂર ન થાઓ. આપ અમને આપની કૃપાથી આ જન્મમાં પરમ ઐશ્વર્યનો યથાયોગ્ય ભોગ કરાવો અને અમે આપની સેવામાં નિત્ય તત્પર રહીએ.

RNI Registration No. GujGuj/2015/63289
Posted at Rajkot - HO on 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2018-2020

પ્રતિ, ______

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL